Extra No. 235

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **FRIDAY, JULY 11, 2025 / ASHADHA 20, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, ૦૮મી જુલાઈ, ૨૦૨૫

વંચાણમાં લીધુઃ-

૧. સરકારશ્રીના શહેરી વિકાસ વિભાગ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૧૩/૦૨/૨૦૨૪ના જાહેરનામાં ક્રમાંકઃ KV 33 of 2024 UDUHD/CMO/e-file/18/2023/1647/M

૨. રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા.૧૩/૧૧/૨૪ના વાઘોડીયા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ ક્રમાંક:રાચઆ-ચટણ-સમક-નપા-વાઘોડીયા-યુનીટ-૭-૧૧૨૦૨૪

૩. સરકારશ્રીના શહેરી વિકાસ વિભાગ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૧૨/૦૫/૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ GV/169 of 2025 UDUHD/CMO/e-file/18/2023/1647/M

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-વાઘોડીયા-નપા--યુનીટ-૭-૦૭૨૦૨૫: ૧. સરકારશ્રીના શહેરી વિકાસ વિભાગ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૧૩/૦૨/૨૦૨૪ના વંચાણ-૧ વાળા જાહેરનામાથી વડોદરા જિલ્લામાં વાઘોડીયા નગરપાલિકાની રચના કરવામાં આવેલ. જેમાં વાઘડીયા ગ્રામ પંચાયત, મદોધર ગ્રામ પંચાયત અને ટીમ્બીગામ ગ્રામ પંચાયતનો સમાવેશ કરવામાં આવેલ હતો.સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક: KV 281 of 2024 UDUHD/CMO/e-file/18/2024/3057/M, તા.૧૭/૦૮/૨૦૨૪થી વાઘોડીયા નગરપાલિકાના વોર્ડો અને બેઠકો (અનામત બેઠકો સહિત) નક્કી કરવામાં આવેલ જેના આધારે ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૭ની જોગવાઈ હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે વંચાણ-૨ના તા.૧૩/૧૧/૨૦૨૪ના આદેશથી વાઘોડીયા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

૨. સરકારશ્રીના શહેરી વિકાસ વિભાગ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૧૨/૦૫/૨૦૨૫ના વંચાણ-૩ વાળા જાહેરનામાથી વડોદરા જિલ્લાની વાઘોડીયા નગરપાલિકામાં તવરા ગ્રામ પંચાયતનો સમાવેશ કરેલ છે.

૩. નવીન અસ્તિત્વમાં આવેલ વાઘોડીયા નગરપાલિકામાં સરકારશ્રીના જાહેરનામા મુજબ તવરા ગ્રામ પંચાયતનો સામાવેશ કરવામાં આવતાં રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૩/૧૧/૨૦૨૪નો વાઘોડીયા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ મૂળ અસરથી આથી રદ કરવામાં આવે છે. સરકારશ્રીના શહેરી વિકાસ વિભાગ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૩૦/૦૫/૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ KV 185 of 2025 UDUHD/CMO/ e-file/18/2023/1647/M જાહેરનામા મુજબ વાઘોડીયા નગરપાલિકાના વોર્ડોની સંખ્યા અને બેઠકો (અનામત બેઠકો સહિત) નક્કી કરવા માટે આગળની કાર્યવાહી કરવામાં આવશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,
આર. જી. ગોહિલ,
સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.07.15 22:17:55 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar